# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ગુજરાત સરકાર દ્વારા સુરત શહેરમાં પ્રવેશવા તથા બહાર નીકળવા માટેના મુખ્ય રસ્તાઓ ઉપરનું ટ્રાફિક ભારણ ઓછુ કરવા માટે સુરત શહેર ફરતે આઉટર રીંગરોડ બનાવવા માટે અર્બન રીંગ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ,(URDCL) મારફત ૯૦ મીટર પહોળાઈનો આઉટર રીંગરોડ હજીરા-સાયણ જંકશન સુધી હાથ ધરવામાં આવનાર છે આગામી એક-બે દિવસમાં શ્યામધામ મંદિર જંકશન થી મણિબેન ચોક(વાલક પટિયા) સુધી સુરત થી કામરેજ જતો મુખ્ય રોડ, BRTS લેન અને સર્વિસ રોડ તમામ પ્રકારના વાહનવ્યવહાર માટે કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી બંધ કરવામાં આવનાર છે. સદર સમયગાળા દરમ્યાન જાહેર જનતાની જનમાલની સલામતી જળવાઈ રહે તથા ટ્રાફિક નિયમન સરળતાથી થઇ શકે તે હેતુસર, શ્યામધામ મંદિર જંકશન થી મણીબેન ચોક(વાલક પાટિયા) સુધી સુરત થી કામરેજ જતો મુખ્ય રોડ, BRTS લેનનો ટ્રાફિક કામરેજ થી સુરત આવતા મુખ્ય રોડ ઉપર અને કામરેજ થી સુરત તરફ આવતો ટ્રાફિક સર્વિસ રોડ પર પસાર કરી ડાયવર્ઝન આપવામાં આવનાર છે.

સદર ડાયવર્ઝન પ્લાન અન્વયે સુરત-કામરેજ રૂટ પર આવેલ ૩ BRTS સ્ટેશન (શ્યામધામ મંદિર, સાગવાડી, વાલકગામ) પર ઓપરેશન ડીસ્ટર્બ થાય તેમ છે. ટ્રાફિક મુવમેન્ટ તથા મુસાફરોની સેફટીને ધ્યાને લેતા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી સદર ૩ BRTS સ્ટેશન (શ્યામધામ મંદિર, સાગવાડી, વાલકગામ) મુસાફરો માટે બંધ કરવામાં આવનાર છે. જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. .....................................
તા.૦૪/૦૨/૨૦૨૩